જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૬/૨૦૧૯ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૪૨૪ લીટર દેશી દારૂ અને ૯૭ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૦૫૩/૧૯

વાસણાઃ તેજશભાઈ ભીખાભાઈ પટેલ (ઉ.વ.૪૦)(રહે.સીમંધરનગર ફ્લેટ ઘાટલોડીયા) એ તા.૨૦/૬/૧૯ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પોપ્યુલર વ્હીલર્સ (ઈન્ડીયા) પ્રા.લી, જી.બી.શાહ કોલેજ પાછળ વૈશાલી ટાઉનશીપ રોડ વાસણા ખાતે કંપનીમાં વર્કશોપ મેનેજર તરીકે ફરજ બજાવતા આરોપી પ્રતિક રાકેશભાઈ પાલ (રહે.વૈદહી રેસીડેન્સી સુર્યમ ફ્લેટ પાછળ આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) એ કંપની તેમજ ગ્રાહકો સાથે વિશ્વાસ કેળવી, ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૨,૫૦,૨૫૯/- મેળવી લઈ કંપનીમાં જમા નહી કરાવી તેમજ ગ્રાહકોને પરત નહી આપી, તેમજ કસ્ટમરની ગાડીઓની એક્સટ્રનલ વોરંટીના કામ માટે મારુતી કંપનીનું એપ્રુવલ લીધા વગર બારોબાર વોરંટીમાં પાર્ટ ઇસ્યુ કરાવી તથા કલેઈમ ટાઇમસર કંપનીમાં કલેઈમ નહી કરી કંપનીને રૂપિયા ૨,૬૫,૦૬૮/- નુકશાન કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૫૪/૧૯

**શાહીબાગઃ** હિરેનભાઇ જયંતીભાઇ મકવાણા (રહે.તક્ષશીલાપાર્ક સોસાયટી સરસ્વતી સ્કુલ સામે નીકોલ) એ તા.૨૦/૬/૧૯ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૪/૧૯ સાંજના ૭/૩૦ થી તા.૨૩/૦૪/૧૯ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન અસારવા અભીષેક-૧ દુકાન નંબર ઇ/૨૭ ખાતે આવેલ પોતાની પાર્થ માર્કેટીંગ ઓફીસના શટરનું લોક તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૫/૧૯**

**નવરંગપુરાઃ** મિતેશભાઇ દામોદરભાઇ પટેલ (ઉ.વ.૩૨)(રહે.હીરા સોસાયટી પંજાબ નેશનલ બેંક પાસે મણીનગર પુર્વ) તા.૧૯/૦૬/૧૯ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે આશ્રમ રોડ પંજાબ નેશનલ બેંક આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ મિતેષભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મિતેશભાઇ પટેલે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૬/૧૯**

**કાગડાપીઠઃ** કાંકરીયા વાણીજય ભવન પાસે ભારત પેટ્રોલપંપ પર કામ કરતા ઇમામખાન બિલખાન પઠાણ (ઉ.વ.૫૧) (રહે.બાવામીવાની ચાલી પીરાનીપીઠ દરગાહ પાછળ જમાલપુર) તા.૨૦/૦૬/૧૯ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પેટોલ પંપ પાછળ અન્ડર ગ્રાઉંડ પાણીની ટાકીમાં પડી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષકુમાર ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૭/૧૯**

**દાણીલીમડાઃ** પ્રદિપકુમાર સ/ઓ કલ્લુભાઇ હીમાન (ઉ.વ.૨૨) (મુળ વતન. મીરઝાપુર સુમારી ઉતરપ્રદેશ) તા.૨૦/૦૬/૧૯ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે દાણીલીમડા ચિરાગપાર્ક વુષેફ રેસીડન્સી ખાતે બીજા માળે સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે લપસી જતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિશ્વાસરાવ શ્યામરાવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૮/૧૯**

**ચાંદખેડાઃ** ફાલ્ગુનીબહેન ડો/ ઓ વિનોદકુમાર શ્રીમાળી (ઉ.વ.૨૭) (રહે. સહજ પ્લેટીનિયમ સ્નેહપ્લાઝા ચાંદખેડા) એ અગમય કારણસર તા.૧૮/૦૬/૧૯ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે આત્મહત્યા કરવા માટે પોતાના ઘરે બારીની લોખંડની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**સરદારનગરઃ** રવીન્દ્રકુમાર અનીલકુમાર ચેટરજી (ઉ.વ.૬૨) (રહે. શ્રીમંતપાર્ક સોસાયટી નોબલનગર) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૬/૧૯ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કેમીકલ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીંધુ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૬/૧૯ કલાક ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિવ્યાબા મનુભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** વિનલબહેન ડો/ઓ અર્જુનભાઇ વૈશ્ય (ઉ.વ.૧૫) (રહે.હીરાલાલની ચાલી ગોમતીપુર) એ અગમય કારણસર તા.૧૯/૦૬/૧૯ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી ગામીત ચલાવે છે.

**વટવાઃ** હર્ષિલકુમાર શાંતિભાઇ આચાર્ય (ઉ.વ.૨૬) (રહે. ટંકાર રેસીડન્સી-૩ નવાપુરા મેદાન પાસે) એ અગમય કારણસર તા.૨૦/૦૬/૧૯ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સોનલબહેન કેસરસિંહ ચલાવે છે.

**દાણીલીમડાઃ** મધુબહેન સંજયભાઇ રંગર (ઉ.વ.૨૮) (રહે.સુર્યનગર સોસાયટી ઢોરબજાર ચાર રસ્તા દાણીલીમડા) એ અગમય કારણસર તા.૨૦/૦૬/૧૯ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ચૌહાણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.